પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૦૫ | ૧૬ જાન્યુઆરી, ૨૦૧૭, સોમવાર ; પોષ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


**તાપમાન**
મહત્તમ : ૨૮.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૩ ટકા ● સાંજે ૪૨ ટકા

# બિહારમાં નૌકા દુર્ઘટના : ૨૫ની જળસમાધિ

## મુખ્યમંત્રી નીતિશ દ્વારા તપાસનો આદેશ : નરેન્દ્ર મોદીનો બિહાર કાર્યક્રમ આખરે રદ : મોદી તેમજ નીતિશકુમાર દ્વારા વળતર માટે જાહેરાત




પટણા, તા.૧૫

મકરસંક્રાંતિના પ્રસંગે પટણામાં બનેલી નૌકા હોનારતની ઘટનામાં મોતનો આંકડો આજે વધીને ૨૫ ઉપર પહોંચી ગયો હતો. બીજી બાજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે વળતર આપવાની જાહેરાત કરી દીધી છે. મોદી અને નીતિશકુમારે બનાવ અંગે દુઃખની લાગણી વ્યક્ત કરી હતી. એનઆઈટી ઘાટ ઉપર એક નૌકા ડુબી જવાના કારણે આ ઘટના બની હતી. આ નૌકામાં આશરે ૪૫ લોકો હતા. બેદરકારી આમાં મુખ્ય રીતે જવાબદાર ગણવામાં આવે છે. નૌકા દુર્ઘટનાની ઘટના બાદ બિહારના પાટનગર પટણામાં આયોજિત મોદીના કાર્યક્રમને સ્થગિત કરી દેવામાં આવ્યો હતો. બચાવ અને રાહત કામગીરી રાત્રિ ગાળા દરમિયાન બંધ કરી દેવામાં આવ્યા પછી આજે સવારે ફરી શરૂ કરવામાં આવી હતી. મોદીએ આ બનવામાં માર્યા ગયેલા લોકોના પરિવારના સભ્યોને બે બે લાખ

● અનુસંધાન પાન-૭ પર

# હવે ફરિયાદ માટે મીડિયાનો ઉપયોગ કરનારને સજા થશે

## સેનાના વડા બિપીન રાવત દ્વારા ચેતવણી : સેનાની ભારે ટીકા કરનાર એક વીડિયો રજુ કરાયાના બે દિવસ બાદ સેનાના વડા દ્વારા જવાનોને ચેતવણી અપાઈ

નવી દિલ્હી, તા.૧૫

સોશિયલ મીડિયા ઉપર સેનાની જોરદાર ટીકા કરનાર વીડિયો એક જવાને મુક્યાના બે દિવસ બાદ સેનાના વડા બિપીન રાવતે સાફ શબ્દોમાં કહ્યું છે કે જો કોઈપણ આર્મી જવાન પોતાની ફરિયાદોને રજુ કરવા માટે યોગ્ય ચેનલનો ઉપયોગ કરશે નહીં તો જવાનને સજા ફટકારવામાં આવશે. આર્મી ડેના પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં જનરલ રાવલે કહ્યું હતું કે પોતાની ફરિયાદ અને તકલીફ રજુ કરવા માટે જવાનો માટે યોગ્ય ચેનલની વ્યવસ્થા છે. જો તેમને લેવામાં આવેલા કોઈ પગલાંથી સંતોષ નથી તો તેઓ સીધી રીતે તેમનો સંપર્ક પણ કરી શકે છે. રાવતે કહ્યું હતું કે ધારા ધોરણ નહીં પાળનાર કોઈપણ જવાન સામે પગલાં લેવામાં આવશે અને સજાને પાત્ર રહેશે.

# નવજોત સિદ્ધુ આખરે કોંગ્રેસમાં જોડાયા

## રાહુલ ગાંધી સાથે વાતચીત પણ કરી : પંજાબમાં વિધાનસભાની ચૂંટણી પહેલા નવજોત સિદ્ધુના સમાવેશથી કોંગ્રેસ પાર્ટીને મોટો ફાયદો થઈ શકે છે : અમૃતસરથી ચૂંટણી લડશે



નવી દિલ્હી, તા.૧૫

ભૂતપૂર્વ ક્રિકેટર અને ભાજપના એક વખતે સ્ટાર પ્રચારક રહી ચુકેલા નવજોત સિદ્ધુએ કોંગ્રેસ પાર્ટીમાં જોડાઈ જઈને છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી તમામ અટકળનો અંત આણી દીધો છે. રાજકીય ઘટનાક્રમના દોર વચ્ચે નવજોત સિદ્ધુએ આજે કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધી સાથે વાતચીત કરી હતી અને ત્યારબાદ કોંગ્રેસમાં સામેલ થઈ ગયા હતા. પંજાબ કોંગ્રેસના અધ્યક્ષ કેપ્ટન અમરિન્દરસિંહે શનિવારે જ કહી દીધું હતું કે સિદ્ધુ કોંગ્રેસ પાર્ટીમાં જ છે અને તેઓ ચૂંટણી પણ લડશે. રાહુલ ગાંધી સાથે આજે વાતચીત કર્યા બાદ નવોજોત સિદ્ધુએ પાર્ટીમાં સામેલ થવા માટેની ઔપચારીકતા પરિપૂર્ણ કરી લીધી હતી. એમ માનવામાં

● અનુસંધાન પાન-૭ પર




ઐતિહાસિક વિજય - ઈન્દોરના હૉલકર ક્રિકેટ સ્ટેડીયમમાં રમાયેલ રણજી ટ્રોફી ફાઈનલમાં ૮૩ વર્ષ બાદ પ્રથમ વખત ગુજરાતે મુંબઈને પાંચ વિકેટે હરાવી રણજીટ્રોફી મેળવી હતી... શનિવારે મેચના અંતિમ દિવસે ગુજરાતના લોકપ્રિય વિકેટકિપર અને બેટ્સમેન પાર્થીવ પટેલે પહેલી ઈનીગીંના ૯૦ રન બાદ બીજી ઈનીંગમાં ૧૪૫ રન ફટકારી ગુજરાતના વિજય રથને આગળ ધપાવ્યો હતો... મનપ્રિત જુનેજાએ પહેલી ઈનીંગના ૭૭ રન અને બીજી ઈનીંગમાં પણ ૫૪ રન ફટકારી ગુજરાતને સંગીન સ્થિતિમાં મુક્યું હતું.... ૮૨ વર્ષના ઈતિહાસમાં ૪૧ વખત વિજય મેળવનાર મુંબઈને પરાજીત કરવામાં પાર્થીવ પટેલની ભૂમિકા મહત્વની રહી હતી... ગુજરાતની ટીમને અભિનંદન....

# શેરબજારમાં હાલ પ્રવાહી સ્થિતિ રહેશે જ : બજેટ પર સૌની નજર

## જુદા જુદા પાંચ પરિબળો માર્કેટની દિશા નક્કી કરી શકે : સેન્સેક્સે ૨૭૦૦૦ની સપાટી કુદાવી લીધા બાદ નવા સત્ર ઉપર નજર રહેશે ત્રિમાસિક ગાળાના પરિણામ, માઈક્રો ઈકોનોમિક પરીબળોની અસર દેખાશે

મુંબઈ,તા. ૧૫

શેરબજારમાં હાલ સાવધાનીપૂર્વકનુ વલણ જોવા મળે તેવી શક્યતા છે. નિફ્ટી અને બીએસઈ સેન્સેક્સ છેલ્લા સપ્તાહમાં મહત્વપૂર્ણ સપાટીને કુદાવી લીધા બાદ તેજી રહેવાના સંકેત પણ દેખાઈ રહ્યા છે. એકબાજુ નિફ્ટી ૧.૯ ટકા સુધરીને ૮૪૦૦થી ઉપરની સપાટીએ રહ્યો હતો. જ્યારે સેંસેક્સ ૧.૮ ટકા સુધરીને ૨૭ હજારની સપાટી હાંસલ કરીને બંધ રહ્યો હતો. સેંસેક્સ ૧૩મી જાન્યુઆરીના દિવસે પુરા થયેલા સપ્તાહ દરમિયાન ૨૭૨૩૮ની સપાટી પર રહ્યો હતો. શેરબજારમાં જુદા જુદા પરિબળોની અસર રહી શકે છે જેમાં ૨૦મી જાન્યુઆરીના દિવસે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લેવામાં આવનાર શપથ, ત્રીજા ત્રિમાસિક ગાળાના પરિણામો, માઈક્રો ઈકોનોમિક ડેટા જેવા પરિબળોની અસર દલાલ સ્ટ્રીટમાં જોવા મળી શકે છે. અત્રે નોંધનીય છે કે માઈક્રો ઈકોનોમિક મોરચે સરકાર દ્વારા સોમવારના દિવસે એટલે કે આવતીકાલે ડિસેમ્બર ૨૦૧૬ માટેના માસિક ફુગાવા પર આધારિત હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ (ડબલ્યુપીઆઈ)ના આંકડા જારી કરવામાં આવનાર છે.

# ફિંગર પ્રિન્ટનો ઉપયોગ કરી ટૂંકમાં જ ખરીદી કરી શકાશે

## દેશને કેશલેસ અર્થતંત્ર બનાવવા નવી પહેલ : ટૂંક સમયમાં જ આધાર સંલગ્ન પેમેન્ટ સિસ્ટમ અથવા તો આધાર પે લોન્ચ કરવા માટેની તૈયારીઓ હાથ ધરાઈ

મુંબઈ,તા. ૧૫

ફિંગર પ્રિન્ટનો ઉપયોગ કરીને આગામી દિવસોમાં લોકો ખરીદી કરી શકશે. આના માટેની યોજના કેન્દ્ર સરકાર દ્વારા તૈયાર કરી લેવામાંઆવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે દેશને કેશલેસ અર્થ વ્યવસ્થાની દિશામાં લઈ જવા માટે કમર કસી લીધી છે. આના ભાગરૂપે આગામી તબક્કામાં ઈ-વોલેટ, ડેબિટ કાર્ડ અથવા તો ક્રેડિયટ કાર્ડનો ઉપયોગ કર્યા વગર બાયોમેટ્રીક્સનો ઉપયોગ કરીને જીવન જરૂરી ચીજવસ્તુઓની ખરીદી કરી શકાશે. જાણકાર લોકોનું કહેવું છે કે આ દિશામાં સરકાર આગળ વધી રહી છે. ફિંગર પ્રિન્ટ અને આધાર સંબંધિત બેંક ખાતાનો ઉપયોગ કરીને પેમેન્ટ સિસ્ટમને અમલી કરવામાં આવશે. વેપારીઓ માટે એક એપ રહેશે. આગામી

● અનુસંધાન પાન-૭ પર

# હિમાચલમાં વિક્રમ હિમવર્ષા

## ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડી : હિમાચલમાં હિમવર્ષાના પગલે વિક્રમી સંખ્યામાં પ્રવાસી ઉમટ્યા : સિમલા, નારકંડા, કુફરીમાં ભારે હિમવર્ષા : મનાલીમાં માઈનસ છ ડિગ્રી તાપમાન નોંધાયું



નવી દિલ્હી,તા. ૧૫

જમ્મુ કાશ્મીર અને હિમાચલ પ્રદેશના જુદા જુદા ભાગોમાં ભારે હિમવર્ષા યથાવતરીતે જારી રહી છે જેથી જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. બંને રાજ્યોમાં ભારે હિમવર્ષા નોંધાઈ છે. હિમાચલ પ્રદેશમાં રેકોર્ડ હિમવર્ષા થતા પ્રવાસીઓમાં ખુશીનું મોજુ ફરી વળ્યું છે. મોટી સંખ્યામાં પ્રવાસીઓ હિમવર્ષાની મજા માણવા ઉમટી પડ્યા છે. હજુ પણ ભારે હિમવર્ષાની આગાહી કરવામાં આવી છે.

બીજી બાજુ ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. મનાલીમાં માઈનસ ૬ ડિગ્રી તાપમાન થયું છે જે રશિયાના પાટનગર મોસ્કો કરતા પણ વધારે છે. ઉત્તર ભારતમાં લોકો ઠંડીથી બચવા માટે તમામ પ્રયાસો કરી રહ્યા છે. દિલ્હીમાં પણ લઘુત્તમ તાપમાન નીચે પહોંચી ગયું છે. ઉત્તરપ્રદેશમાં તીવ્ર ઠંડીના લીધે નવ લોકોના મોત થયા છે. હિમાચલના કેલોંગ અને જમ્મુ-કાશ્મીરના કારગિલમાં તાપમાન માઈનસ ૧૩.૯ અને માઈનસ ૧૫.૬ ડિગ્રી તાપમાન નોંધાયું છે. હવામાન વિભાગની આગાહી મુજબ હિમાચલપ્રદેશ અને જમ્મુ-કાશ્મીરમાં હિમવર્ષા હજુ જારી રહેશે. જેથી ઠંડીથી કોઈ રાહત મળે તેવી શક્યતા ઓછી છે. ઉત્તરપ્રદેશમાં સાત ડિગ્રીથી પણ નીચે તાપમાન પહોંચ્યું છે અને અહીં નવ લોકોના મોત થયા છે.


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય



